# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-10-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-મેરીટાઈમ લીડર્સ કોન્કલેવ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે મુંબઈના ઈન્ડિયા મેરીટાઇમ વીક 2025માં 'મેરીટાઇમ લીડર્સ કોન્ક્લેવ'ને સંબોધન કર્યું અને ગ્લોબલ મેરીટાઇમ સીઈઓ ફોરમની અધ્યક્ષતા કરી હતી. આ પ્રસંગે સંબોધનમાં શ્રીમોદીએ કંડલા પોર્ટની પ્રશંસા કરી તેને દેશનું ગૌરવ ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, પ્રથમ વખત, કોઈ ભારતીય બંદરે મેગાવોટ-સ્કેલ સ્વદેશી ગ્રીન હાઇડ્રોજન સુવિધા સ્થાપિત કરી છે - અને આ સીમાચિહ્ન કંડલા પોર્ટ દ્વારા હાંસલ કરાયું છે.

(બાઈટ-PM)

ઉલ્લેખનીય છે કે, કચ્છની મુલાકાત દરમ્યાન 10 મેગાવોટ પ્લાન્ટનો શિલાન્યાસ કરાયો હતો, જેમાંથી એક મેગાવોટ પ્લાન્ટ સ્થપાયો છે. ત્યારબાદ કંડલા પોર્ટે દેશના પ્રથમ મેક-ઇન-ઇન્ડિયા-આધારિત 1 મેગાવોટના ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટને સફળતાપૂર્વક સ્થાપિત કરીને ભારતના બંદર ક્ષેત્રમાં એક નવા યુગની શરૂઆત કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શનમાં તથા કેન્દ્રીય મંત્રી  સર્વાનંદ સોનોવાલ, તથા કેન્દ્રીય રાજયમંત્રી  શાંતનુ ઠાકુર  તથા મુખ્યમંત્રી  ભૂપેન્દ્ર પટેલના અવિરત પ્રયાસોથી દિનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલા અવિરત પ્રગતિ સાધી રહ્યું છે.

---

## ભુજ-રન ફોર યુનિટી:

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જીલ્લા મથક ભુજ ખાતે આવતીકાલ ૩૧ ઓક્ટોબરના રોજ સવારે ૮.૦૦ વાગ્યે આર.ડી.વરસાણી હાઈસ્કૂલ ખાતેથી રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમની ઉજવણીને લઈને ગઈકાલે કચ્છ કલેક્ટર આનંદ પટેલે જિલ્લા વહીવટીતંત્રના વિવિધ વિભાગના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પુરું પાડીને નાગરિકો, એનજીઓ, સરકારી સંસ્થાઓને સહભાગી બનાવવા જણાવ્યું હતું.

આર.ડી.વરસાણી ખાતેથી રન ફોર યુનિટીને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવશે. આ પ્રસંગે મહાનુભાવો અને સહભાગીઓ રાષ્ટ્રીય એકતાના શપથ ગ્રહણ કરશે. આ રન ફોર યુનિટીના આયોજનમાં ભુજ નગરપાલિકા, શાળાઓ-કોલેજના વિદ્યાર્થીઓ, સરકારી કચેરીઓ, એનજીઓ વગેરે સામેલ થશે.

---

## ગુજરાત વહીવટી સુધારણા પંચ:

રાજ્યમાં ગુજરાત વહીવટી સુધારણા પંચ – GARC-એ પાંચમો અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સોંપ્યો છે. તેમાં પંચે “નાગરિક દેવો ભવઃ”ના અભિગમને રાજ્યમાં ડિજિટલ સુશાસનથી સાકાર કરવા 12 જેટલી મુખ્ય ભલામણ કરી છે.

પંચે અહેવાલમાં ‘એક રાજ્ય - એક પૉર્ટલ’ના સંકલ્પ સાથે “સરકાર નાગરિકોના ઘરઆંગણે” “ગવર્મેન્ટ એટ ધ ડૉર સ્ટૅપ ઑફ ધી સિટીઝન”નો મંત્ર ચરિતાર્થ કરવા ભલામણ કરી છે. સાથે જ ડિજિટલ ગુજરાત 2.0 પૉર્ટલ વિકસાવીને તેને ફરી સક્રિય કરવાથી સક્રીય સુશાસનથી નાગરિક કેન્દ્રીત સેવા વિતરણ અમલ કરવા ભલામણ કરવામાં આવી છે. તેનાથી રાજ્ય સરકારની સેવાઓ માટે વારંવાર માહિતી આપવામાંથી છૂટકારો એટલે કે, ‘એકવાર માહિતી આપો - વારંવાર લાભ મેળવો’નો ધ્યેય સાકાર થશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## ગાંધીનગર-કેબિનેટ મિટીંગ :

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાજ્ય પ્રવાસ, રાજ્યમાં વરસાદથી થયેલા નુકસાનના સરવે સહિતના મુદ્દા પર ચર્ચા થઈ. આ અંગે માહિતી આપતા કૃષિમંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, રાજ્યમાં જ્યાં વરસાદ અને નુકસાન થયું છે ત્યાં સરકાર મોજણી એટલે કે, સરવે કરશે. સાત દિવસમાં આ સરવે પૂર્ણ કરવા મુખ્યમંત્રીએ આદેશ આપ્યો છે.

----------------------------------------------------------------------------------------

## ચૂંટણી પંચ-એસ.આઈ.આર:

ચૂંટણી પંચે ગુજરાત સહીત દેશના 12 રાજ્યોમાં SIR પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરી હતી. તેનો ઉદેશ્ય મતદાર યાદીમાં નામોની ચોકસાઈ સુનિશ્ચિત કરવાનો છે. જેમાં ઉમેરાઓ, નામ કાઢવા નાખવા, સુધારા અને ટ્રાન્સફરનો સમાવેશ થાય છે.

મૃત વ્યક્તિઓના નામ, ડુપ્લિકેટ એન્ટ્રીઓ, અધૂરી માહિતીઓને દુર કરીને નવી માહિતી દાખલ કરવામાં આવશે. ચુંટણી પંચ દ્વારા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન લાગુ કરાયો છે, જેમાં આગામી 4 નવેમ્બરથી બીએલઓ મતદારોના ઘરે જઈને મતદાર યાદીની વેરીફીકેશન કરશે તેવુ એક યાદીમાં જણાવાયુ છે.

----------------------------------------------------------------------------------------

## કચ્છ-વિધા સહાયક સ્પેશિયલ ભરતી:

કચ્છ જિલ્લામાં વિદ્યાસહાયકની સ્પેશિયલ ભરતી-2025 ધોરણ 6 થી 8 ગુજરાતી માધ્યમ માટે બીજા તબક્કાનું ફાઈનલ મેરિટલિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. જિલ્લા પસંદગીની કાર્યવાહી માટે ઉમેદવારોએ વેબસાઇટ ઉપરથી જ ઓનલાઈન કોલલેટર મેળવી લેવાના રહેશે. અન્ય કોઈ પ્રકારે કોલલેટર મોકલવામાં આવશે નહીં તેમજ ઉમેદવારોએ જિલ્લા પસંદગીની કાર્યવાહી પૂર્ણ થાય અને આ વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા ચાલુ રહે ત્યાં સુધી તમામ ઉમેદવારોએ દરરોજ આ વેબસાઈટ જોવા સૂચના આપવામાં આવી છે.

----------------------------------------------------------------------------------------

# ક્રિકેટ-મહિલા વિશ્વ કપ:

મહિલા વિશ્વ કપની બીજી સેમી ફાઇનલમાં આજે ભારતનો મુકાબલો ઓસ્ટ્રેલિયા સામે થશે. આ મેચ નવી મુંબઈના ડી.એલ પાટીલ સ્ટેડિયમ પર આજે બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે.

દરમ્યાન ગઈકાલે ગુવાહાટી ખાતેની પ્રથમ સેમી ફાઇનલમાં દક્ષિણ આફ્રિકાની ટીમે ઇંગ્લેન્ડની ટીમને 125 રને હરાવી અંતિમ જંગમાં પ્રવેશ કર્યો હતો. દક્ષિણ આફ્રિકાની ટીમે 7 વિકેટના ભોગે319 રન કર્યા હતા.  જવાબમાં ઇંગ્લેન્ડની ટીમ 194 રન કરી શકી હતી.

-----------------------------------------------------------------------------------------------